# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

**જીસીસી (ટાઇપ/સ્ટેનો) પરીક્ષા-જુલાઇ-૨૦૨૪**

**જાહેરનામા ક્રમાંક:રાપબો/જીસીસી/જુલાઈ-૨૦૨૪/** 6325-53 **તારીખ:૧૮/૦૭/૨૦૨૪**

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જી.સી.સી.(ટાઇપ/સ્ટેનો) પરીક્ષા લેવામાં આવે છે. શિક્ષણ વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:રાપબો/૧૧૨૦૨૦/૬/ચ મુજબ વર્ષ ૨૦૨૪માં લેવાનાર આ પરીક્ષાનું જાહેરનામું નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

**શૈક્ષણિક લાયકાત:-** આ પરીક્ષામાં બેસવા માટેની ઉમેદવારની શૈક્ષણિક લાયકાત બાધ વિના કોઈપણ વ્યક્તિ આ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. ટાઈપની પરીક્ષામાં બેસવા માટે પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખે ઉમેદવાર ૧૫ વર્ષ પૂરાં કરેલ હોવાં જોઈએ. તે જ રીતે લઘુલિપિમાં પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખે ઉમેદવારે ૧૭ વર્ષ પૂરાં કરેલા હોવાં જોઈએ.

## જીસીસી (ટાઇપ/સ્ટેનો) માટેનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | વર્તમાન પત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | ૧૯/૦૭/૨૦૨૪ |
| ૨ | જાહેરનામું બહાર પાડ્યા તારીખ | ૧૮/૦૭/૨૦૨૪ |
| ૩ | ઉમેદવારો માટે GCC નું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૨૫/૦૭/૨૦૨૪ થી ૧૨/૦૮/૨૦૨૪ સુધી |
| ૪ | નેટ બેંકીગ ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૫/૦૭/૨૦૨૪ થી ૧૪/૦૮/૨૦૨૪ સુધી નેટ બેંકીગ દ્વારા ફી સ્વીકારાશે |
| ૫ | હોલ ટિકીટ ડાઉનલોડ કરવાનો સમય | પરીક્ષાના ૭ (સાત) દિવસ અગાઉ |
| ૬ | **કસોટીની તારીખ અને સમય** | |
| | **(૬.૧) લઘુલેખન(સ્ટેનો) પરીક્ષા** | |
| | • ગુજરાતી લઘુલેખન (શબ્દ ઝડપ:- ૬૦,૭૫,૯૦) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |
| | •અંગ્રેજી લઘુલેખન (શબ્દ ઝડપ:- ૬૦, ૮૦, ૧૦૦, ૧૨૦) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |
| | • હિન્દી લઘુલેખન (શબ્દ ઝડપ:- ૬૦, ૭૫) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |
| | **(૬.૨) ટાઇપ લેખન પરીક્ષા** | |
| | • ગુજરાતી ટાઇપ (શબ્દ ઝડપ:- ૨૫, ૪૦) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |
| | • અંગ્રેજી ટાઇપ (શબ્દ ઝડપ:- ૪૦, ૫૦, ૬૦) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |
| | • હિન્દી ટાઇપ (શબ્દ ઝડપ:- ૩૦) | સંભવિત માસ સપ્ટેમ્બર/ઓક્ટોબર |

- **શિક્ષણ વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:રાપબો/૧૧૨૦૨૦/૬/ચ થી સુધારેલા પરીક્ષા નિયમોનો ખાસ અભ્યાસ કરવોનો રહેશે.**

- જી.સી.સી.ટાઇપ લેખન પરીક્ષા કમ્પ્યુટર દ્વારા લેવામાં આવશે.
- ટાઈપ પરીક્ષા ઉપલબ્ધ વિન્ડોઝ વર્ઝનમાં આપવાની રહેશે.
- આ પરીક્ષા  કમ્પ્યુટરના શ્રુતિફોન્ટમાં લેવામાં આવશે.
- હિન્દી ટાઇપની પરીક્ષા સરલ ફોન્ટમાં લેવામાં આવશે.
- શ્રુતિ ફોન્ટમાં ટાઇપ કરવા માટે નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા ૮ પ્રકારના કી-બોર્ડના વિકલ્પોની સુવિધા મળશે.

| | |
|---|---|
| 1. Gujarati Transliteration | 2. Gujarati Typewiter |
| 3. Gujarati Typewiter G | 4. Gujarati Inscript |
| 5. Gujarati Indica | 6. Remigntan Indica |
| 7. Special Characters | 8. Gujarati Terafont |

- લઘુલેખન(સ્ટેનો) ની પરીક્ષા ઓડીયો ક્લીપથી લેવામાં આવશે
- શિક્ષણ વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:રાપબો/૧૧૨૦૨૦/૬/ચ મુજબ ઉમેદવાર ટાઇપ લેખન અથવા લઘુલેખન (સ્ટેનો)ની એક જ માધ્યમની એકથી વધારે ઝડપની પરીક્ષામાં બેસી શકશે નહીં અને અલગ અલગ માધ્યમની એટલે કે, ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની વધુમાં વધુ ત્રણ પરીક્ષાઓ આપી શકશે. અલગ અલગ માધ્યમ માટે અલગ અલગ ઓનલાઇન ફોર્મ ભરવાના રહેશે. ઉમેદવાર એક જ માધ્યમની એકથી વધારે ઝડપની પરીક્ષામાં બેસશે તો બંને પરીક્ષાના પરીણામ રાજ્યપરીક્ષા બોર્ડ રદ કરી શકશે તેમજ ફી પરત કરવામાં આવશે નહી.
- પરીક્ષા અંગે ઉભા થતા વિવાદ બાબતે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીનો  નિર્ણય આખરી ગણાશે અને તે સૌને બંધનકર્તા રહેશે.
- ઓનલાઇન ફોર્મ ધ્યાનથી સમજી વિચારીને ચીવટપુર્વક ભરવું, ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ વ્યકિતગત વિગતો જેવી કે નામ, અટક, જન્મતારીખ વગેરેમાં પાછળથી કોઇપણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહી. તેથી આ બાબતે ફોર્મ ભરવાની વિગતોની ચોક્સાઈ કરી લેવી અને ઉમેદવારે જાતે ચેક કરી લેવું.
- ઓનલાઇન ફોર્મમાં પરીક્ષા (ટાઇપ/સ્ટેનો), માધ્યમ અને ઝડપની વિગત ભરતી વખતે પણ કાળજી લેવી. જેમાં પાછળથી કોઇ પણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહી.
- ઉમેદવારોને સરનામા ઉપર માર્કશીટ/પ્રમાણપત્રની નકલ મોકલવામાં આવતી હોઇ, ઉમેદવારોએ સરનામામાં પુરી વિગતો ભરવાની રહેશે.

❖ <u>પરીક્ષા ફી :</u>

- પરીક્ષા માં બેસવા માટે વિદ્યાર્થી દીઠ ફી રૂ. ૩૩૦/- + ૧૮% GST ફી ભરવાની રહેશે.
- સર્વિસ ચાર્જ અલગથી ચુકવવાનો રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.
- <u>ફી સ્વીકાર કેન્દ્ર અને ફી અંગે અગત્યની સૂચનાઓ-</u>
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING/UPI/WALLET થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Challan" ઉપર ક્લીક કરવું

અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.

- ફી જમા થયા બાદ આપની ફી જમા થઇ ગઇ હશે તો "Successful"" ટ્રાન્ઝેકશન દર્શાવેલ e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
- જો જમા થયા બાદ "Successful" ટ્રાન્ઝેકશન" દર્શાવેલ e-receipt ના નીકળે તો ઉમેદવારે ૨૪ કલાક બાદ પુન:પ્રયત્ન કરી e-receipt ની પ્રિન્ટ કાઢવાની રહેશે.
- બેંક ખાતામાંથી ફીની રકમ કપાયાના ૨૪ કલાક બાદ પણ ફીનું "Successful"" ટ્રાન્ઝેકશન દર્શાવતી e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી (gseb21@gmail.com) સંપર્ક કરવાનો રહેશે.

➢ <u>ઓનલાઇન ફોર્મ ભરવાનો સમયગાળો:</u>

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા કોઈપણ ખાનગી સંસ્થાને વર્ષ: ૨૦૨૨-૨૩ બાદ સંલગ્નતા કે માન્યતા પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવેલ નથી. ખાનગી ઉમેદવારો પણ પોતે સીધા જ ઓનલાઇન ફોર્મ ભરી શકશે. ઉમેદવારો ઓનલાઈન ફોર્મ બોર્ડની વેબસાઈટ http://sebexam.org પર <u>તા.૨૫/૦૭/૨૦૨૪, બપોરના ૦૨.૦૦ કલાક થી તા.૧૨/૦૮/૨૦૨૪ (સમય ૨૩.૫૯ કલાક)</u> દરમ્યાન ભરી શકશે. આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન ભરાયેલા ફોર્મ જ સ્વીકારવામાં આવશે.

➢ <u>ઓનલાઈન ફોર્મ ભરવાની રીત:</u>

- સૌ પ્રથમ how to apply પર ક્લીક કરીને ફોર્મ કેવી રીતે ભરવુ તે અંગે જાણી લેવું.
- ઓનલાઇન ફોર્મ ભરવા માટે apply પર ક્લીક કરો.
- STENO અથવા TYPE સિલેક્ટ કરો.
- હવે સ્ક્રીન પર ફોર્મ દેખાશે જેમાં પર્સનલ, એજ્યુકેશનલ અને સ્પીડ દર્શાવતી વિગતો ભરી save બટન પર ક્લીક કરો
- આપનો ફોટો અને સહી અપલોડ કરો( Photo અને Signature JPG format માં (15 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.)
- આપનો એપ્લિકેશન નંબર નોંધી લેશો.
- ત્યાર બાદ ફોર્મ કન્ફોર્મ કરી આપનો કન્ફર્મેશન નંબર નોંધી લેશો. એકવાર ફોર્મ કન્ફર્મ કર્યા બાદ તેમાં કોઇપણ સુધારા થઇ શકશે નહી.
- આપના ફોર્મની પ્રિન્ટ કાઢી લેવી. આ ફોર્મને આપની પાસે રાખવું.

❖ <u>પરીક્ષા કેન્દ્રો :-</u>

➢ <u>લઘુલેખન</u>

- લઘુલેખનની તમામ ભાષા અને તમામ સ્પીડની પરીક્ષા ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

➢ ટાઇપ

- ટાઇપની પરીક્ષામાં નોંધાયેલ પરીક્ષાર્થીની સંખ્યાને આધારે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે.

❖ <u>હોલ ટીકીટ ( પ્રવેશપત્ર )</u>

- હોલ ટીકીટ (પ્રવેશપત્ર) www.sebexam.org ની વેબસાઇટ પરથી પરીક્ષાના ૭(સાત) દિવસ અગાઉ ડાઉનલોડ કરી શકાશે.
- હોલ ટીકીટ (પ્રવેશપત્ર) ડાઉનલોડ ન થવાના કિસ્સામાં આ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ:</u>

- ટાઇપ અને સ્ટેનોની આ પરીક્ષાનું બેચ વાઇઝ નિયત સમય સાથેનું સમય પત્રક ઓનલાઇન રજિસ્ટ્રેશન પ્રકિયા પુર્ણ થયા પછી કેન્દ્રો ખાતે ઉપલબ્ધ બેઠક વ્યવસ્થા તથા પરીક્ષાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ પ્રસિધ્ધ કરવામાં આવશે. જે અનુસાર સંબંધિત કેન્દ્રો ખાતે પરીક્ષા યોજવામાં આવશે.

❖ <u>ગુણ પ્રદાન યોજના અને ગુણ ચકાસણી-પ્રત્યક્ષ અવલોકન:</u>

- સરકારી વાણિજ્ય પ્રમાણપત્ર(જી.સી.સી.) પરીક્ષા(ટાઈપ લેખન/લઘુલેખન) પરીક્ષાની ગુણ પ્રદાન યોજના બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ છે. તમામ ઉમેદવારોને આ ગુણ પ્રદાન યોજનાનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.
- પરીક્ષાના પરીણામ બાદ ગુણ ચકાસણી અને પ્રત્યક્ષ અવલોકન કરાવવા ઇચ્છતા ઉમેદવારોએ પરીણામ સાથે આપવામાં સૂચના મુજબ ગુણ ચકાસણી અને પ્રત્યક્ષ અવલોકન કરાવી શકશે.

❖ <u>જવાબવહી ફેરચકાસણી અંગે:</u>

<u>(અ) રીચેકીંગ અંગે:-</u>

- જીસીસી પરીક્ષા પરિણામના જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તારીખથી ગુણ ચકાસણી માટે વિષય દીઠ ફી રૂા. ૧૦૦/- + ૧૮% GST નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કર્યેથી ગુણોની ચકાસણી કરવામાં આવશે.
- જો ચકાસણી કરતા ગુણોનો સરવાળો ખોટો જણાશે અથવા તો કોઈ પ્રશ્ન તપાસ્યા સિવાય રહી ગયેલા હશે તો ઉમેદવારને તેમણે ભરેલી ફી પરત કરવામાં આવશે.

<u>(બ) પુનઃ અવલોકન:-</u>

- જીસીસી પરીક્ષા પરિણામના જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તારીખથી પુનઃઅવલોકન માટે વિષય દીઠ રૂા.૩૦૦/- + ૧૮% GST નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કર્યેથી ઉમેદવારના રૂબરૂ ગુણોની ચકાસણી કરવામાં આવશે.
- જો ચકાસણી કરતા ગુણોનો સરવાળો ખોટો જણાશે અથવા તો કોઈ પ્રશ્ન તપાસ્યા સિવાય રહી ગયેલા હશે તો ઉમેદવારને તેમણે ભરેલી ફી પરત કરવામાં આવશે.
- જો ઉમેદવાર દ્વારા પરીક્ષામાં ઉત્તરવહીમાં કોઇપણ પોતાની ઓળખ દર્શાવતી નિશાની, ચિન્હ અથવા નામ લખવામાં આવશે તો આવા ઉમેદવારોનું પરીણામ રદ્દ કરવામાં આવશે.

❖ નોંધ:-

- આ જાહેરનામા સંબંધી તમામ સૂચનાઓ અને અપડેટ્સ માટે રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org જોતા રહેવું.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ નકલ સવિનય રવાના જાણસારૂ :

- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

➢ નકલ રવાના જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારૂ :

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સબંધિત.
- ઇન્ડેક્ષ બી. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર
પરીક્ષાઓના નિયમો (સુધારેલ
અભ્યાસક્રમ- ૨૦૨૦) બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ રાપબો/૧૧૨૦૨૦/૬/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૦/૧૨/૨૦૨૦

17 5 DEC 2020

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૬/૧૯૮૯ના ઠરાવ ક્રમાંકઃ રાવપ/૧૦૮૫/૨૯૪૬૧/ન
(૨) રાજ્ય પરીક્ષા બોર્ડનો કચેરી આદેશ ક્રમાંકઃ રપબ/જીસીસી/૨૦૧૯/૨૯૫૮-૭૩
(૩) રાજય પરીક્ષા બોર્ડની કચેરીના તા.૦૩/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ રાપબો/જીસીસી/૨૦૨૦/૩૩૦૩ અને તા.૦૯/૦૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંકઃ રાપબો/જીસીસી/૨૦૨૦.

પ્રસ્તાવનાઃ-

વંચાણે લીધેલ સંદર્ભ (૧) પરના આ વિભાગના ઠરાવ અન્વયે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દીની અલગ-અલગ ઝડપની, ટાઇપ તથા લઘુલેખનની પરીક્ષા લેવામાં આવે છે. સને ૧૯૮૯માં આ અભ્યાસક્રમ અમલી થયા બાદ અભ્યાસક્રમમાં ગુણપ્રદાન યોજનામાં તથા અન્ય બાબતોમાં સુધારા બાબતે સંદર્ભ (૨) પરના કચેરી આદેશથી અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિની ભલામણ અનુસાર સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષાઓ નિયમો (સુધારેલ અભ્યાસક્રમ- ૨૦૨૦) તૈયાર કરવા અંગે સંદર્ભ (૩) થી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

EST
19/12/2020

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષાઓના નિયમો (સુધારેલ અભ્યાસક્રમ- ૨૦૨૦) આથી આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પ્રમાણે મંજૂર કરવામાં આવે છે.

GCC

૩. આ નિયમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૦૯/૧૧/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર
આવક નંબર : 2011
તા. 19/12/20

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.વી.રાઠવા )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

બિડાણ: ઉપર મુજબ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ, સચિવાલય,ગાંધીનગર
- ના.સે.અ. સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

### સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષાના નિયમો:-

જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાનું વાણિજ્યિક શિક્ષણ મેળવી શકયા નથી અને સરકારી, સ્થાનિક સંસ્થાઓ અને વાણિજ્યિક પેઢીઓમાં કારકુનની નોકરી મળી રહે તેટલી ક્ષમતાપ્રાપ્ત કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓની માંગને પહોંચી વળવાના ઉદ્દેશથી સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષા શરૂ કરવામાં આવી છે.

સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષામાં અનુબંધ -૧માં દર્શાવ્યા પ્રમાણે વિષય ક્રમાંકઃ ૧ થી ૧૫ રહેશે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ટાઇપ લેખન | : | ગુજરાતી | ૨૫ અને ૪૦ શબ્દ ઝડપ |
| | | | અંગ્રેજી | ૪૦, ૫૦ અને ૬૦ શબ્દ ઝડપ |
| | | | હિન્દી | ૩૦ શબ્દ ઝડપ |

| | | | | |
|---|---|---|---|---|
| (૨) | લઘુલિપિ લેખન | : | ગુજરાતી | ૬૦, ૭૫ અને ૯૦ શબ્દ ઝડપ |
| | | | અંગ્રેજી | ૬૦, ૮૦,૧૦૦ અને ૧૨૦ શબ્દ ઝડપ |
| | | | હિન્દી | ૬૦ અને ૭૫ શબ્દ ઝડપ |

માધ્યમ અને સ્પીડવાર અભ્યાસક્રમની વિગત અનુબંધ-૨માં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

### સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષાના નિયમો:-

નિયમ-૧ સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષાના વિષયો અનુબંધ-૧માં દર્શાવ્યા પ્રમાણે ક્રમાંક:૧ થી ૧૬ રહેશે.

નિયમ-૨ પ્રમાણપત્ર પરીક્ષાઓ વર્ષમાં વધુમાં વધુ બે વાર લેવાશે. તેમ છતા આ અંગે વખતોવખત રાજય પરીક્ષા બોર્ડની કારોબારી સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણય આખરી રહેશે.

નિયમ-૩ પ્રમાણપત્રની પરીક્ષા માટે કેન્દ્રો અને કાર્યક્રમ રાજય પરીક્ષા બોર્ડ નક્કી કરશે.

નિયમ-૪ ગુજરાતી લઘુલિપિ-૬૦, ૭૫ અને ૯૦ શબ્દ ઝડપ, અંગ્રેજી લઘુલિપિ-૬૦,૮૦,૧૦૦ અને ૧૨૦ શબ્દ ઝડપ અને હિન્દી લઘુલિપિ-૬૦ અને ૭૫ શબ્દ ઝડપની લેવાશે.

નિયમ-૫ શૈક્ષણિક લાયકાતના બાધ વિના કોઇપણ વ્યકિત આ પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે. ટાઇપની પરીક્ષામાં બેસવા માટે પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખે ઉમેદવારે ૧૫ વર્ષ પૂરાં કરેલ હોવાં જોઇએ. તે જ રીતે લઘુલિપિમાં પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખે ઉમેદવારે ૧૭ વર્ષ પૂરાં કરેલા હોવાં જોઇએ.

નિયમ-૬ જે ઉમેદવાર સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષામાં એક વખત નાપાસ / અનુત્તીર્ણ જાહેર થયેલ હોય તે પુન:પરીક્ષા આપી શકશે.

નિયમ-૭ નિયમોને આધીન રહીને પ્રમાણપત્ર પરીક્ષામાં કોઇપણ ઉમેદવાર એક સાથે એક જ માધ્યમની એક કરતા વધારે શબ્દ ઝડપની પરીક્ષામાં બેસી શકશે નહીં પરંતુ ઉમેદવાર એકી સાથે એક કરતા વધારે માધ્યમની એટલે કે, ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની શબ્દ ઝડપની કસોટીમાં બેસી શકશે. આ નિયમને આધીન રહીને ઉમેદવાર ટાઇપરાઇટિંગ અને લઘુલિપિ એમ બંને પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

**નોંધ:** ઉમેદવારે જે શબ્દ ઝડપની પરીક્ષા પાસ કરી હોય તેની નીચેની ઝડપની પરીક્ષામાં બેસી શકશે નહીં.

નિયમ-૮ સરકારી વાણિજ્યિક પ્રમાણપત્રમાં ઉમેદવારે પાસ થવા માટે બંન્ને વિભાગમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવવાના રહેશે. એટલે કે પ્રથમ વિભાગના કુલ ગુણ ૫૦ માંથી ૨૫ અને બીજા વિભાગના ૫૦ માંથી ૨૫ ગુણ મેળવવાના રહેશે.

નિયમ-૯ આ નિયમો હેઠળ અરજી કરવા અંગે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા વિગતવાર જાહેરનામું બહાર પાડવામાં આવશે.

નિયમ-૧૦ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તે પદ્ધતિ અનુસાર ઉમેદવારે અરજી કરવાની રહેશે.

નિયમ-૧૧ રાજય પરીક્ષા બોર્ડની કારોબારીમાં વખતોવખત નિયત કરવામાં આવે તે મુજબ ઉમેદવારે પરીક્ષા ફી ભરવાની રહેશે.

નિયમ-૧૨ પરીક્ષા ફી પરત આપવા અંગે નીચેના કોઇ અણધાર્યા કારણ સિવાય પરીક્ષા ફી પરત કરવામાં આવશે નહીં.

(અ) કોઇ અણધાર્યા કારણોસર જે તે કેન્દ્રમાં પરીક્ષા થઇ શકી ન હોય અને મુલતવી રહેલ પરીક્ષા લઇ શકાય તેમ ન હોય તો પૂરી ફી પરત કરવામાં આવશે.

(બ) ઉમેદવાર પરીક્ષાની તારીખ પહેલાં મૃત્યુ પામે તો પરીક્ષાની છેલ્લી તારીખથી ૬ મહિનાની અંદર ફી પાછી મેળવવા અરજી કરવામાં આવી હોય તો ચેરમેનશ્રી, રાજય પરીક્ષા બોર્ડના અભિપ્રાયના કારણે ફી પરત મેળવવા માટે અધિકૃત હોય તેવી વ્યકિતની અરજી મળી હોય તો તેની પાસેથી મળેલી આખી ફી પરત કરવામાં આવશે.

નિયમ-૧૩ **ગુણપત્રક અને ડુપ્લિકેટ પ્રમાણપત્ર અંગે :**

રાજય પરીક્ષા બોર્ડની કારોબારી સમિતિ દ્વારા વખતોવખત નક્કી થાય તે મુજબની ફી ભરી નિયત પદ્ધતિ મુજબ ઉમેદવાર અરજી કરી ડુપ્લિકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવી શકશે.

નિયમ-૧૪ **જવાબવહી ફેરચકાસણી અંગે:**

**(અ) રીચેકીંગ અંગે:-**

➤ જીસીસી પરીક્ષા પરિણામના જાહેરનામામાં ઉલેખ કરેલ તારીખ થી ગુણ ચકાસણી માટે વિષય દીઠ રૂ.૧૦૦/-નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કર્યેથી ગુણોની ચકાસણી કરવામાં આવશે.

➤ જો ચકાસણી કરતા ગુણોનો સરવાળો ખોટો જણાશે તો અથવા તો કોઇ પ્રશ્ન તપાસ્યા સિવાય રહી ગયેલા હશે તો ઉમેદવારને તેમણે ભરેલી ફી પરત કરવામાં આવશે.

**(બ) પુન અવલોકન:-**

➤ જીસીસી પરીક્ષા પરિણામના જાહેરનામામાં ઉલેખ કરેલ તારીખથી પુન:અવલોકન માટે વિષય દીઠ રૂા. ૩૦૦/-નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કર્યેથી ઉમેદવારના રૂબરૂ ગુણોની ચકાસણી કરવામાં આવશે.

➤ જો ચકાસણી કરતા ગુણોનો સરવાળો ખોટો જણાશે તો અથવા તો કોઇ પ્રશ્ન તપાસ્યા સિવાય રહી ગયેલા હશે તો ઉમેદવારને તેમણે ભરેલી ફી પરત કરવામાં આવશે.

નિયમ-૧૫ આ અભ્યાસક્રમ અને અન્ય બાબતોનું સમયાંતરે અવલોકન કરવામાં આવશે.

**અનુબંધ-૧**

સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષા અભ્યાસક્રમ પ્રમાણે વિષયોની યાદી:

| અ. ટાઇપલેખન | | બ. લઘુલિપિ લેખન | |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી ૨૫ શ.ઝ. | ૭. | ગુજરાતી ૬૦ શ.ઝ. |
| ૨. | ગુજરાતી ૪૦ શ.ઝ. | ૮. | ગુજરાતી ૭૫ શ.ઝ. |
| ૩. | અંગ્રેજી ૪૦ શ.ઝ. | ૯. | ગુજરાતી ૯૦ શ.ઝ. |
| ૪. | અંગ્રેજી ૫૦ શ.ઝ. | ૧૦. | અંગ્રેજી ૬૦ શ.ઝ. |
| ૫. | અંગ્રેજી ૬૦ શ.ઝ. | ૧૧. | અંગ્રેજી ૮૦ શ.ઝ. |
| ૬. | હિન્દી ૩૦ શ.ઝ. | ૧૨. | અંગ્રેજી ૧૦૦ શ.ઝ. |
| | | ૧૩. | અંગ્રેજી ૧૨૦ શ.ઝ. |
| | | ૧૪. | હિન્દી ૬૦ શ.ઝ. |
| | | ૧૫. | હિન્દી ૭૫ શ.ઝ. |

**અનુબંધ-૨:**

**સરકારી વાણિજ્યિક પ્રમાણપત્ર પરીક્ષા (સુધારેલ અભ્યાસક્રમ):**

**(૧)**

| **ગુજરાતી ટાઇપ (૨૫ શબ્દ ઝડપ)** | | **કુલ ગુણ: ૧૦૦** |
|---|---|---|
| **વિભાગ -૧** | **સમય -૧૦ મિનિટ** | **ગુણ: ૫૦** |
| | મિનિટે ૨૫ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦ મિનિટમાં ૨૫૦ શબ્દોનો ફકરો/ ફકરા ટાઇપ કરવા. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૧૨૫૦ સ્ટ્રોક બરાબર ૨૫૦ શબ્દો ગણાય. | |
| **વિભાગ-૨** | **સમય -૫૦ મિનિટ** | **ગુણ: ૫૦** |
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૨૫૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારી પત્ર, સરકારી પત્ર, ટેન્ડર ફોર્મ, જાહેરનામું, હુકમ, પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંક્તિ અંતર (ડબલ લાઇન સ્પેસિંગમાં ટાઇપ કરવું) (પ્રાશ્રિકે લીથોગ્રાફ બ્લેક ઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | (પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૪ થી ૫ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૬ થી ૮ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંક્તિ અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૨)

| ગુજરાતી ટાઇપ (૪૦ શબ્દ ઝડપ) | | કુલ ગુણ: ૧૦૦ |
|---|---|---|
| વિભાગ -૧ | સમય -૧૦ મિનિટ | ગુણ: ૫૦ |
| | મિનિટે ૪૦ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦ મિનિટમાં ૪૦૦ શબ્દોનો ફકરો/ફકરા ટાઇપ કરવા. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૨૦૦૦ સ્ટ્રોક બરાબર ૪૦૦શબ્દો ગણાય. | |
| વિભાગ-૨ | સમય -૫૦ મિનિટ | ગુણ: ૫૦ |
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૪૦૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારીપત્ર, સરકારીપત્ર, ટેન્ડરફોર્મ, જાહેરનામું, હુકમ, પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંક્તિ અંતર (ડબલ લાઇન સ્પેસિંગમાં ટાઇપ કરવું) (પ્રાશ્નિકે લીથોગ્રાફ બ્લેક ઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | (પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૪ થી ૫ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૧૦ થી ૧૨ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૩)

| અંગ્રેજી ટાઇપ (૪૦ શબ્દ ઝડપ) | | કુલ ગુણ: ૧૦૦ |
|---|---|---|
| વિભાગ -૧ | સમય -૧૦ મિનિટ | ગુણ: ૫૦ |
| | મિનિટે ૪૦ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦મિનિટમાં ૪૦૦ શબ્દોનો ફકરો/ફકરા ટાઇપ કરવો. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૨૦૦૦ સ્ટ્રોક બરાબર ૪૦૦ શબ્દો ગણાય. | |
| વિભાગ-૨ | સમય -૫૦ મિનિટ | ગુણ: ૫૦ |
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૪૦૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારીપત્ર, સરકારીપત્ર, ટેન્ડરફોર્મ, જાહેરનામું, હુકમ, પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંક્તિ અંતર (ડબલ લાઇન સ્પેસિંગમાં ટાઇપકરવું) (પ્રાશ્નિકે લીથોગ્રાફ બ્લેક ઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | (પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૫ થી ૭ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૧૦ થી | |

| | ૧૨ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |
|---|---|---|

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે.

(પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવુ)

## (૪)

| અંગ્રેજી ટાઇપ (૫૦ શબ્દ ઝડપ) | | કુલ ગુણ: ૧૦૦ |
|---|---|---|
| વિભાગ -૧ | સમય -૧૦ મિનિટ | ગુણ: ૫૦ |
| | મિનિટે ૫૦ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦ મિનિટમાં ૫૦૦ શબ્દોનો ફકરો/ ફકરા ટાઇપ કરવો. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૨૫૦૦ સ્ટ્રોક બરાબર ૫૦૦ શબ્દો ગણાય. | |
| વિભાગ-૨ | સમય -૫૦ મિનિટ | ગુણ: ૫૦ |
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૫૦૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારીપત્ર, સરકારીપત્ર, ટેન્ડરફોર્મ, જાહેરનામું, હુકમ, પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંક્તિ અંતર (ડબલલાઇન સ્પેસિંગમાં ટાઇપ કરવું) (પ્રાશ્નિકે લીથોગ્રાફ બ્લેકઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | (પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૫ થી ૭ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૧૨ થી ૧૪ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે.

(પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવુ)

## (૫)

| અંગ્રેજી ટાઇપ (૬૦ શબ્દ ઝડપ) | | કુલ ગુણ: ૧૦૦ |
|---|---|---|
| વિભાગ -૧ | સમય -૧૦ મિનિટ | ગુણ: ૫૦ |
| | મિનિટે ૬૦ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦ મિનિટમાં ૬૦૦ શબ્દોનો ફકરો/ ફકરા ટાઇપ કરવો. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૩૦૦૦ સ્ટ્રોક બરાબર ૬૦૦ શબ્દો ગણાય. | |

| વિભાગ-૨ | સમય -૫૦ મિનિટ | ગુણ: ૫૦ |
|---|---|---|
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૬૦૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારીપત્ર, સરકારીપત્ર, ટેન્ડરફોર્મ ,જાહેરનામું ,હુકમ , પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગમાં ટાઇપ કરવું) (પ્રાશ્નિકે લીથોગ્રાફ બ્લેકઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | (પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૫ થી ૭ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૧૪ થી ૧૬ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે.

(પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૬)

| હિન્દી ટાઇપ (૩૦ શબ્દ ઝડપ) | | કુલ ગુણ: ૧૦૦ |
|---|---|---|
| વિભાગ -૧ | સમય -૧૦ મિનિટ | ગુણ: ૫૦ |
| | મિનિટે ૩૦ શબ્દોની ઝડપ પ્રમાણે ૧૦ મિનિટમાં ૩૦૦ શબ્દોનો ફકરો/ ફકરા ટાઇપ કરવા. સ્પેસબારના સ્ટ્રોક સહિત પાંચ સ્ટ્રોક બરાબર એક શબ્દ થશે. ૧૫૦૦ સ્ટ્રોક બરાબર ૩૦૦ શબ્દો ગણાય. | |
| વિભાગ-૨ | સમય -૫૦ મિનિટ | ગુણ: ૫૦ |
| પ્રશ્ન-૧ | લીથોગ્રાફ | ૨૫ ગુણ |
| | ૩૦૦ શબ્દોનો છેકછાકવાળો હસ્તપત્ર, ધંધાદારીપત્ર, સરકારીપત્ર, ટેન્ડરફોર્મ, જાહેરનામું, હુકમ, પરિપત્ર, ટેકનિકલ અથવા કાનૂની બાબતને દ્વિપંકિત અંતર (ડબલલાઇન સ્પેસિંગમાં ટાઇપ કરવું) (પ્રાશ્નિકે લીથોગ્રાફ બ્લેકઇન્કમાં લખવો) | |
| પ્રશ્ન-૨ | આંકડા વિષયક કોઠો અથવા વિવરણપત્રક | ૨૫ ગુણ |
| | પ્રોફોર્મ ઇન્વોઇસ) જેમાં ૪ થી ૫ ઊભા પેટા કોલમવાળા ખાના અને ૧૦ થી ૧૨ સુધી આડા કોલમની વિગતો હશે. જેને દ્વિપંકિત અંતર (ડબલ લાઇન સ્પેસિંગ)માં ટાઇપ કરવો. | |

**નોંધ:**

(૧) વિભાગ-૧માં અને વિભાગ-૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ફરજિયાત મેળવવાના રહેશે અન્યથા ઉમેદવારને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. એટલે કે પ્રથમ વિભાગમાં કુલ ગુણ ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ અને બીજા વિભાગમાં ૫૦ માંથી ઓછામા ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૨) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે.

(પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૭)

| લઘુલેખન | ગુજરાતી લઘુલિપિ- ૬૦ શબ્દ ઝડપ - સમય -૧૦ મિનિટ | ગુણ: ૧૦૦ |
|---|---|---|
| | 1. ગુજરાતીલઘુલિપિ (કોઇપણપદ્ધતિ)માં અહેવાલ લેવાની/લખવાની | |

| | | |
|---|---|---|
| | શૈલીમાં આઠ (૮) મિનિટના સમય માટે સામાન્ય વાંચન માટેની બાબત ચાલુ, વર્ણનાત્મક, પ્રવચન, ધંધાદારી અથવા સરકારી અથવા વાણિજ્યિક વિષયને લગતા ૨ યોગ્ય ફકરા. બે ફકરા વચ્ચે બેમિનિટના વિરામ સહિત. દરેક ફકરાનો સમય ૪(ચાર) મિનિટનો રહેશે. દરેક ફકરાના શબ્દો ૨૪૦ અને બેફકરાના કુલ ૪૮૦શબ્દો રહેશે.<br>2. ચાર - ચાર મિનિટના બે ફકરાઓનું લાઇવ ડિક્ટેશન રીડર દ્વારા આપવામાં આવશે. અથવા ઓડિયો દ્વારા રેકોર્ડેડ ડિક્ટેશન આપવામાં આવશે.<br>3. મૂળ લિપિ ગુજરાતીમાં લિપ્યાંતરણ કરવા માટે આપવામાં આવેલો સમય મિનિટે ૭ (સાત) શબ્દોના દરે ૧ કલાક અને ૧૦ મિનિટનો આપવામાં આવશે. | |

**નોંધ:**

(૧) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. સુવાચ્ય અક્ષરે લિપ્યાંતરણ કરવાનું રહેશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૨) ડિક્ટેશનના બદલે ગુજરાતી/ અંગ્રેજી/ હિન્દીમાં લોન્ગ હેન્ડમાં ફકરો લખેલ હોય અથવા તો ડિક્ટેશનમાં કોઇ ચોક્કસ લિપિના બદલે અણઘડ રેખાંકન જેવા લીટાઓ કરેલ હોય તો પરીક્ષકે એ મુજબની નોંધ કરવી અને રાજય પરીક્ષા બોર્ડનું ધ્યાન દોરવું. જો અમુક લાઇન સિવાય પૂરેપૂરો ફકરો આ જ રીતે લખેલ હોય તો પરીક્ષક પોતાની વિવેકબુદ્ધિ અનુસાર શૂન્ય ગુણ મૂકી શકે છે.

(૮)

| લઘુલેખન | ગુજરાતી લઘુલિપિ- ૭૫ શબ્દ ઝડપ – સમય –૧૦ મિનિટ | ગુણ: ૧૦૦ |
|---|---|---|
| | 1. ગુજરાતીલઘુલિપિ (કોઇપણપદ્ધતિ)માં અહેવાલ લેવાની/લખવાની શૈલીમાં આઠ (૮) મિનિટના સમય માટે સામાન્ય વાંચન માટેની બાબત ચાલુ, વર્ણનાત્મક, પ્રવચન, ધંધાદારી અથવા સરકારી અથવા વાણિજ્યિક વિષયને લગતા ૨ યોગ્ય ફકરા. બે ફકરા વચ્ચે બેમિનિટના વિરામ સહિત. દરેક ફકરાનો સમય ૪(ચાર) મિનિટનો રહેશે. દરેક ફકરાના શબ્દો ૩૦૦ અને બેફકરાના કુલ ૬૦૦ શબ્દો રહેશે.<br>2. ચાર - ચાર મિનિટના બે ફકરાઓનું લાઇવ ડિક્ટેશન રીડર દ્વારા આપવામાં આવશે. અથવા ઓડિયો દ્વારા રેકોર્ડેડ ડિક્ટેશન આપવામાં આવશે.<br>3. મૂળ લિપિ ગુજરાતીમાં લિપ્યાંતરણ કરવા માટે આપવામાં આવેલો સમય મિનિટે ૭ (સાત) શબ્દોના દરે ૧ કલાક અને ૨૫ મિનિટનો આપવામાં આવશે. | |

**નોંધ:**

(૧) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. સુવાચ્ય અક્ષરે લિપ્યાંતરણ કરવાનું રહેશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૨) ડિક્ટેશનના બદલે ગુજરાતી/ અંગ્રેજી/ હિન્દીમાં લોન્ગ હેન્ડમાં ફકરો લખેલ હોય અથવા તો ડિક્ટેશનમાં કોઇ ચોક્કસ લિપિના બદલે અણઘડ રેખાંકન જેવા લીટાઓ કરેલ હોય તો પરીક્ષકે એ

મુજબની નોંધ કરવી અને રાજ્ય પરીક્ષા બોર્ડનું ધ્યાન દોરવું. જો અમુક લાઇન સિવાય પૂરેપૂરો ફકરો આ જ રીતે લખેલ હોય તો પરીક્ષક પોતાની વિવેકબુદ્ધિ અનુસાર શૂન્ય ગુણ મૂકી શકે છે.

(૯)

| લઘુલેખન | ગુજરાતી લઘુલિપિ– ૯૦ શબ્દ ઝડપ – સમય –૧૦ મિનિટ | ગુણ: ૧૦૦ |
|---|---|---|
| | 1. ગુજરાતીલઘુલિપિ (કોઇપણપદ્ધતિ)માં અહેવાલ લેવાની/લખવાની શૈલીમાં આઠ (૮) મિનિટના સમય માટે સામાન્ય વાંચન માટેની બાબત ચાલુ, વર્ણનાત્મક, પ્રવચન, ધંધાદારી અથવા સરકારી અથવા વાણિજ્યિક વિષયને લગતા ૨ યોગ્ય ફકરા. બે ફકરા વચ્ચે બેમિનિટના વિરામ સહિત. દરેક ફકરાનો સમય ૪(ચાર) મિનિટનો રહેશે. દરેક ફકરાના શબ્દો ૩૬૦ અને બેફકરાના કુલ ૭૨૦ શબ્દો રહેશે.<br>2. ચાર – ચાર મિનિટના બે ફકરાઓનું લાઇવ ડિક્ટેશન રીડર દ્વારા આપવામાં આવશે. અથવા ઓડિયો દ્વારા રેકોર્ડેડ ડિક્ટેશન આપવામાં આવશે.<br>3. મૂળ લિપિ ગુજરાતીમાં લિપ્યાંતરણ કરવા માટે આપવામાં આવેલો સમય મિનિટે ૭ (સાત) શબ્દોના દરે ૧ કલાક અને ૪૫ મિનિટનો આપવામાં આવશે. | |

**નોંધ:**

(૧) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. સુવાચ્ય અક્ષરે લિપ્યાંતરણ કરવાનું રહેશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

(૨) ડિક્ટેશનના બદલે ગુજરાતી/ અંગ્રેજી/ હિન્દીમાં લોન્ગ હેન્ડમાં ફકરો લખેલ હોય અથવા તો ડિક્ટેશનમાં કોઇ ચોક્કસ લિપિના બદલે અણઘડ રેખાંકન જેવા લીટાઓ કરેલ હોય તો પરીક્ષકે એ મુજબની નોંધ કરવી અને રાજ્ય પરીક્ષા બોર્ડનું ધ્યાન દોરવું. જો અમુક લાઇન સિવાય પૂરેપૂરો ફકરો આ જ રીતે લખેલ હોય તો પરીક્ષક પોતાની વિવેકબુદ્ધિ અનુસાર શૂન્ય ગુણ મૂકી શકે છે.

(૧૦)

| લઘુલેખન | અંગ્રેજી લઘુલિપિ – ૬૦ શબ્દ ઝડપ – સમય –૧૦ મિનિટ | ગુણ: ૧૦૦ |
|---|---|---|
| | 1. અંગ્રેજી લઘુલિપિ (કોઇપણપદ્ધતિ)માં અહેવાલ લેવાની/લખવાની શૈલીમાં આઠ (૮) મિનિટના સમય માટે સામાન્ય વાંચન માટેની બાબત ચાલુ, વર્ણનાત્મક, પ્રવચન, ધંધાદારી અથવા સરકારી, કાનૂની કાયદાઓ અથવા વાણિજ્યિક વિષયને લગતા ૨ યોગ્ય ફકરા. બે ફકરા વચ્ચે બે મિનિટના વિરામ સહિત. દરેક ફકરાનો સમય ૪ (ચાર) મિનિટનો રહેશે. દરેક ફકરાના શબ્દો ૨૪૦ અને બે ફકરાના કુલ ૪૮૦ શબ્દો રહેશે.<br>2. ચાર – ચાર મિનિટના બે ફકરાઓનું લાઇવ ડિક્ટેશન રીડર દ્વારા આપવામાં આવશે. અથવા ઓડિયો દ્વારા રેકોર્ડેડ ડિક્ટેશન આપવામાં આવશે.<br>3. મૂળ લિપિ અંગ્રેજીમાં લિપ્યાંતરણ કરવા માટે આપવામાં આવેલો સમય મિનિટે ૭ (સાત) શબ્દોના દરે ૧ કલાક અને ૧૦ મિનિટનો આપવામાં આવશે. | |

**નોંધ:**

(૧) ચોકસાઇ, ભાષા શુદ્ધતા, શુદ્ધ જોડણી, વિરામચિહ્નો અને ફોર્મેટીંગ પરત્વે ધ્યાન આપવામાં આવશે. સુવાચ્ય અક્ષરે લિપ્યાંતરણ કરવાનું રહેશે. (પરીક્ષકે ઉત્તરવહી ચકાસતાં ગુણ મૂકતા સમયે આ અચૂક ધ્યાનમાં રાખવું)

